



# કૃષિ ઉત્પાદન અને
# બજાર દર્શન
કૃષિ ઉદય...

ખંડ-૪
અંક-૪
એપ્રિલ ૨૦૧૮

## કૃષિ મંત્રાલયની ખેતી ખર્ચ યોજના વિશે...

ભારતમાં પાકોના ખેતી ખર્ચનો અભ્યાસ કરવા માટે એક વ્યાપક યોજના તરીકે ખેતી ખર્ચ યોજના ૨૦ રાજયોમાં ૧૬ કૃષિ યુનિવર્સિટીઓ/સંસ્થાઓ કૃષિ મંત્રાલયના અનુદાન સહાયથી કાર્યરત છે. આ યોજના ડાંગર, ઘઉં, જુવાર, બાજરી, મકાઇ, રાગી, જવ, મગ, અડદ, તુવેર, ચણા, મસૂર, મગફળી, રાયડો, નાઇઝરસીડ, કુસુમ, સોયાબીન, સૂર્યમૂખી, તલ, કપાસ, શણ, શેરડી, ડુંગળી, બટેટા અને નાળિયેર જેવા ૨૫ પાકોના ખેતી ખર્ચનો અંદાજ મેળવે છે. આ પાક ત્રણ વર્ષના સમયગાળા માટે પસંદ કરવામાં આવે છે. દરેક રાજયમાં આવરી લેવામાં આવતા પાકો પાક સંકુલ તરીકે કે જે દરેક રાજયમાં તેની અગત્યતાના આધારે, સમગ્ર ભારતના સ્તરે સંબંધિત પાકના ઉત્પાદનમાં તેના સાપેક્ષ મહત્વના આધારે બદલાતાં હોય છે.

## માહિતિ એકત્રિકરણની પધ્ધતિ....

આ યોજનામાં નિષ્ણાંત સમિતિઓ દ્વારા રચવામાં આવેલ એકસરખી પદ્ધતિથી અને વ્યાપક ધોરણે ભૌતિક અને નાણાંકીય સંજોગોમાં કૃષિ નિક્ષેપો અને ઉત્પાદન પરના પ્રતિનીધિ કરે તેવી માહિતીને એકત્રિત કરવામાં આવે છે અને આ સમિતિઓ દ્વારા સમય-સમય પર તેની સમીક્ષા પણ કરવામાં આવે છે. રોજે રોજ ખર્ચ હિસાબી પદ્ધતિ દ્વારા ૨૦ રાજ્યોમાં ફેલાયેલ ૧૬ રાજ્ય એજન્સીઓ દ્વારા ૮૧૦૦ કુલ નમૂનારૂપ ખેડૂતો પાસેથી માહિતી એકત્ર કરવામાં આવે છે. આ એજન્સીઓની સૂચિ નીચે આપવામાં આવલે છે. યોજના હેઠળ આવરી લેવામાં આવેલા દરેક ખેડૂતે કરેલા ઉપાર્જિત કુલ ખર્ચ આવકની દૈનિક નોંધણી કરવામાં આવે છે. ખેડૂતો દ્વારા કરવામાં આવતા પાકના ખર્ચ, ઉત્પાદન, આવક વગેરેની માહિતી તૈયાર કરવામાં આવેલી અમલીકરણ એજન્સીઓના સંબંધિત અધિકારીઓની દેખરેખ અને નિરીક્ષણ હેઠળ પસંદગીના ખેડૂતો પાસેથી નિશ્ચિત પ્રશ્નાવલીથી એકત્રીત કરવામાં આવે છે. રાજ્યની વિવિધ અમલીકરણ એજન્સીઓ પાસેથી મળેલી માહિતીની ચકાસણી કરવામાં આવે છે.

વિવિધ રાજ્યોમાં ખેતી અને ઉત્પાદન ખર્ચનો અંદાજ કાઢવા માટે સર્વગ્રાહી યોજના અમલમાં મૂકવામાં આવેલ રાજ્યોમાં એજન્સીઓની માહિતી

અધ્યક્ષ:
પ્રો. શિરીષ આર. કુલકર્ણી

માનનીય સલાહકાર :
ડૉ. મહેશ પાઠક

મુખ્ય સંપાદક :
ડૉ. એસ. એસ. કલમકર

સહસંપાદક :
ડૉ. એચ. પી. ત્રિવેદી
ડૉ. ડી. જે. ચૌહાણ

સંપાદક :
ડૉ. હેમંત શર્મા

વિષય સંપાદક :
ડૉ. એસ. આર. ભૈયા
ડૉ. વિજય એસ. જરીવાલા
ડૉ. એમ. એન. સ્વેન
શ્રી એમ. મકવાણા

પ્રસાર પ્રભારી :
શ્રી દીપ કે. પટેલ

પ્રકાશક :
એગ્રો ઈકોનોમિક રિસર્ચ સેન્ટર,
સરદાર પટેલ યુનિવર્સિટી,
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦
આણંદ, ગુજરાત

E-mail: director.aerc@gmail.com
website: www.aercspu.ac.in

## વિવિધ રાજ્યોમાં ખેતી અને ઉત્પાદન ખર્ચનો અંદાજ કાઢવા માટે સર્વગ્રાહી યોજના અમલમાં મૂકવામાં આવેલ એજન્સીઓની માહિતી

| ક્રમ | રાજ્ય | અમલીકરણ એજન્સી |
|---|---|---|
| ૧ | આંધ્રપ્રદેશ | આચાર્ય એન.જી.રંગા કૃષિ યુનિવર્સિટી, હૈદરાબાદ |
| ૨ | આસામ | અસામ કૃષિ યુનિવર્સિટી, જોરહાટ |
| ૩ | બિહાર | રાજેન્દ્ર કૃષિ યુનિવર્સિટી, પૂસા, સમસ્તીપુર |
| ૪ | ગુજરાત | સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર |
| ૫ | હરિયાણા | હરિયાણા કૃષિ યુનિવર્સિટી, હિસ્સાર |
| ૬ | હિમાચલ પ્રદેશ | હિમાચલ પ્રદેશ કૃષિ યુનિવર્સિટી, શિમલા |
| ૭ | કર્ણાટક | યુનિવર્સિટી ઓફ એગ્રિકલ્ચર સાયન્સ, હેબ્બલ, બેંગલોર |
| ૮ | કેરળ | કેરળ યુનિવર્સિટી, તિરૂવનંતપૂરમ |
| ૯ | મધ્યપ્રદેશ | જવાહરલાલ નહેરૂ કૃષિ વિશ્વવિદ્યાલય, જબલપુર |
| ૧૦ | મહારાષ્ટ્ર | મહાત્મા ફુલે યુનિવર્સિટી,રાહુરી |
| ૧૧ | ઓરિસ્સા | ઓરિસ્સા યુનિવર્સિટી ઓફ એગ્રિકલ્ચર એન્ડ ટેક્નોલોજી, ભુવનેશ્વર |
| ૧૨ | પંજાબ | પંજાબ કૃષિ યુનિવર્સિટી, લુધિયાના |
| ૧૩ | રાજસ્થાન | મહારાણા પ્રતાપ યુનિવર્સિટી ઓફ એગ્રિકલ્ચર એન્ડ ટેક્નોલોજી, ઉદયપુર |
| ૧૪ | તામિલનાડુ | તામિલનાડુ કૃષિ યુનિવર્સિટી, કોઇમ્બતુર |
| ૧૫ | ઉત્તર પ્રદેશ | આર.બી.એસ કોલેજ બિચપુરી, આગરા |
| ૧૬ | પશ્ચિમ બંગાળ | બિધાન ચન્દ્ર કૃષિ વિશ્વવિદ્યાલય, કલ્યાણી, નાડિયા |
| ૧૭ | છત્તીસગઢ | જવાહરલાલ નહેરૂ કૃષિ વિશ્વવિદ્યાલય, જબલપુર |
| ૧૮ | ઝારખંડ | રાજેન્દ્ર કૃષિ યુનિવર્સિટી,પૂસા, સમસ્તીપુર |
| ૧૯ | તેલંગાણા | આચાર્ય અન.જી.રંગા કૃષિ યુનિવર્સિટી,હૈદરાબાદ |
| ૨૦ | ઉત્તરાખંડ | આર.બી.એસ કોલેજ બિચપુરી, આગરા |

## ખર્ચ માળખું:

ખેતી અને ઉત્પાદનના ખર્ચ હેઠળ આવરી લેવામાં આવેલી વસ્તુઓ:

A2+FL ખર્ચમાં તમામ ખર્ચ અને કુટુંબના માનવશ્રમના મૂલ્યનો સમાવેશ થાય છે.

C2 ખર્ચમાં માલિકીની જમીનનું ભાડું અને A2+FL ના ખર્ચ ઉપરાંત સ્થિર મૂડી પરના વ્યાજનો સમાવેશ થાય છે.

અન્ય પરિમાણો સિવાય સીએસીપી (CACP) ઉપરોક્ત ખર્ચ અંદાજોને આધારે વિવિધ પાકો માટે કિંમતની ભલામણ કરે છે.

## ખેતી ખર્ચનું માળખું:

૧. ચોક્કસ ખર્ચના ખ્યાલો ધ્યાનમાં લીધા બાદ ખર્ચનો અંદાજ કાઢવામાં આવે છે. આ ખર્ચની વિભાવના અને દરેક ખ્યાલમાં સમાવિષ્ટ ખર્ચની વસ્તુઓની માહિતી નીચે આપવામાં આવેલ છે.

ખર્ચ A1 (A1): ભાડે લીધેલ માનવ શ્રમનું મૂલ્ય.
ભાડે લીધેલ બળદ શ્રમનું મૂલ્ય.
માલિકીના બળદ શ્રમનું મૂલ્ય.
માલિકીના મશીનરીના શ્રમનું મૂલ્ય.
ભાડે લીધેલ મશીનરીના શ્રમનું મૂલ્ય.
બિયારણ ખર્ચ (ઘરેલું અને ખરીદેલ)
જંતુનાશક દવાઓનો ખર્ચ.
છાણિયા ખાતરનું મૂલ્ય (ઘરેલું અને ખરીદેલ)
રાસાયણિક ખાતરનું મૂલ્ય
સાધનો અને ખેત મકાનનું ઘસારા મૂલ્ય
સિંચાઇ પાછળ થયેલ ખર્ચ
જમીન મહેસૂલ, વેરા અને અન્ય વેરા
વિવિધ ખર્ચ

ખર્ચ અ2 (A2): ખર્ચ અ1(A1) + ભાડે પટ્ટે લીધેલ જમીનનું ચૂકવેલ ભાડું

ખર્ચ બ1 (B1): ખર્ચ અ1 (A1) + પોતાની સ્થિર મૂડીના મૂલ્ય પરનું વ્યાજ

ખર્ચ બ2 (B2): ખર્ચ બ1 (B1) + ખેડૂતની જમીનનું ભાડું (જમીનની ચોખ્ખી આવક) અને ભાડાપટ્ટે આપેલ જમીન પરનું ચૂકવેલ ભાડું.

ખર્ચ ક1 (C1): ખર્ચ બ1 (B1) + કુંટુંબના માનવ શ્રમનું મૂલ્ય

ખર્ચ ક2 (C2): ખર્ચ બ2 (B2) + કુંટુંબના માનવ શ્રમનું મૂલ્ય

ખર્ચ ક2* (C2*) ખર્ચ ક2 (C2) ને બજારના દરે અથવા વૈધાનિક લઘુત્તમ વેતન દર જે વધુમાં વધુ હોય તેના સંદર્ભમાં માનવ મજૂરીનું મૂલ્ય

ખર્ચ ક3 (C3): ખર્ચ ક2* (C2* ) + સંચાલનનું મૂલ્ય કે જે કુલ ખર્ચના ૧૦ ટકા (C2*)

## ૨. ગણતરીની પદ્ધતિઓ:

ઉત્પાદનની પ્રક્રિયામાં ઉપયોગમાં લેવાતા કેટલાંક નિક્ષેપો ખેડૂતના કુંટુંબમાંથી મળે છે. આ નિક્ષેપોના મૂલ્યોને ગણવા માટેના માપદંડ નીચેના કોષ્ટકમાં આપેલ છે.

### કોષ્ટક–૧ઃ નિક્ષેપોના મૂલ્યોને ગણવા માટેનાં માપદંડ

| અ.નં. | વસ્તુઓ | માપદંડ |
|---|---|---|
| ૧. | કુંટુંબના માનવશ્રમ | વૈધાનિક વેતનદર અ થવા વાસ્તવિક બજાર દર , બેમાંથી જે વધારે હોય તે. |
| ૨. | કુંટુંબની માલિકીના પશુશ્રમ | પશુ સારસંભાળનોખર્ચ, લીલાં અને સૂકાં તથા અન્ય આહારનો ખર્ચ, પશુઓને બાંધવાના શેડનો ઘસારા ખર્ચ ત થા અન્ય ખર્ચાનો સમાવેશ કરવામાં આવે છે. |
| ૩. | કુંટુંબની માલિકીના મશીનરી ખર્ચ | ખેતીની મશીનરી જેમાં ડીઝલ, વીજળી, લ્યુબ્રિકન્ટસ ઓઇલ, ઘસારા ખર્ચ, મરામત અને સારસંભાળનો ખર્ચ વગેરેને ગણતરીમાં લેવામાં આવે છે. |
| ૪. | ઓજારો | નાના કે મોટા સાધનોના મરામત અને ઘસારા ખર્ચ લેવામાં આવે છે. |
| ૫. | માલિકીની જમીનનું ભાડું | ગામમાં સમાન પ્રકારની જમીનના કે નમૂનારૂપ ખેડૂતા દ્વારા ભરપાઇ કરેલ જમીનનું ભાડું જે નોંધે તે પ્રમાણે લેવામાં આવે છે. |
| ૬. | ખેડૂતની સ્થિર મૂડી પરનું વ્યાજ | ખેડૂતની મૂડીરૂપ સ્થિર સંપત્તિનાં મૂલ્યના ૧૦ ટકાના દરે તેના ઉપર વ્યાજની ગણતરી કરવામાં આવે છે. |

## ૩. સંયુકત ખર્ચની ફાળવણી/વહેંચણી :

ખેત કાર્યમાં લાગેલ ખર્ચની ગણતરી કુલ ખર્ચમાં કરવામાં આવે છે. આવા સંયુક્ત ખર્ચમાં વ્યક્તિગત સાહસોને ફાળવવામાં આવેલ, જેમાં જુદાં ક્ષેત્રોનો સમાવેશ થાય છે. ખેત મકાનો અને સાધનો, જમીન ભાડું, મહેસૂલ, કરવેરા અને ખેડૂતની મૂડી પરનું વ્યાજ વગેરે ખર્ચાઓને તેમના પ્રમાણમાં પાકના દરેક વર્ગને ફાળવવામાં આવે છે. ખેડૂતોની માલિકીના કુલ પશુની સંખ્યાને આધારે પશુઓના દરેક વર્ગમાં પશુધન પરનો ખર્ચ તેની સંખ્યાના પ્રમાણમાં ફાળવવામાં આવે છે. મિશ્ર પાકોમાં આવતા વિવિધ પાક પર સંયુક્તપણે કુલ ખેતી ખર્ચ મિશ્ર પાકમાં વ્યકિતગત પાક દ્વારા યોગદાન આપનાર કુલ ઉત્પાદનના પ્રમાણમાં નક્કી કરવામાં આવે છે. પાકનું મુખ્ય ઉત્પાદન અને ગૌણ ઉત્'દન દ્વારા ખેતીના કુલ ખર્ચનું ઉત્પાદનના કુલ મૂલ્યમાં તેમના યોગદાનનાં પ્રમાણમાં નક્કી કરવામાં આવે છે.

## ૪. ખેતીની અસ્ક્યામતોનું મૂલ્યાંકન :

ખેતીની અસ્ક્યામતોનું મૂલ્યાંકન માટે અપનાવવામાં આવેલા માપદંડ નીચેના કોષ્ટકમાં દર્શાવેલ છેઃ

### કોષ્ટક–૨ : ખેતીની અસ્ક્યામતોનાં મૂલ્યાંકનના માપદંડ

| અ.નં. | અસ્ક્યામતો | માપદંડ |
|---|---|---|
| ૧. | માલિકીની અને પોતે વાવેતર કરેલ જમીન | જુદી જુદી પ્રકારની જમીનનું ગામથી અંતર, ઉપલબ્ધ સિંચાઇના સ્ત્રોત વગેરેને ધ્યાનમાં લઇને ગામમાં પ્રવર્તમાન દરે જમીનનું મૂલ્યાંકન. |
| ૨. | ખેત મકાન (પશુઓના શેઢ, ગોદામ વગેરે) | ગામમાં પ્રવર્તમાન દરે મૂલ્યાંકન. |
| ૩. | ખેત ઓજારો અને અન્ય ખેત મશીનરી | બજારની કિંમતે મૂલ્યાંકન |
| ૪. | પશુધન | બજારની કિંમતે મૂલ્યાંકન |

## ૫.ઉત્પાદન ખર્ચની ગણતરી મુખ્ય ઉત્પાદનના મૂલ્યને ખેતી ખર્ચના મૂલ્યના ગુણોત્તર અને ગુણાત્મક ઉપજને મુખ્ય ગૌણ પેદાશના ગુણોત્તરના ગુણાકાર દ્વારા ગણવામાં આવે છે.

## ૬.નાળિયેરના પાક માટે ખર્ચનો અંદાજો કાઢવા માટે કરવામાં આવેલ ધારણાઓઃ

૧. નાળિયેરના ઝાડનું આર્થિક ઉપાર્જન માટેનું આયુષ્ય ૫ વર્ષ માનવામાં આવે છે.

૨. ૮મા વર્ષની શરૂઆતથી નાળિયેરનું ઝાડ ફળ આપે છે.

૩. વસૂલાત ખર્ચની ગણતરી કરવાનાં હેતુસર વ્યાજનો દર વર્ષે ૬% લેવામાં આવ્યો છે.

## કૃષિખર્ચ અને મૂલ્ય આયોગ (સીએસીપી):

કૃષિખર્ચ અને મૂલ્ય આયોગ ઉત્પાદન ખર્ચ, માંગ અને પુરવઠાની, રાષ્ટ્રીય અને આતંર રાષ્ટ્રીય ભાવોના વલણો, આંતર-પાકમાં ભાવની સમાનતા, કૃષિ અને બિન-કૃષિ ક્ષેત્રો વચ્ચે વેપારની શરતો અને ગ્રાહકો, એકંદર અર્થતંત્ર ઉપર ટેકાના ભાવોની સંભવિત અસરો, કૃષિ પાકોના ટેકાના ભાવોની ભલામણ કરતી વખતે જમીન અને પાણી જેવા દુર્લભ કુદરતી સંસાધનોનો તર્કસંગત વ્યાજબી ઉપયોગ જેવા અન્ય અગત્યના પરિબળોને ધ્યાનમાં લે છે. આ રીતે, ઉત્પાદન ખર્ચ એક મહત્વનું પરિબળ છે, પરંતુ ટેકાના ભાવો નક્કી કરવામાં તે એક માત્ર પરિબળ નથી.

કૃષિખર્ચ અને મૂલ્ય આયોગ, દરેક રાજ્ય અને દરેક પાક માટે ભારતના મુખ્ય પાકોના ખેતી ખર્ચનો અભ્યાસ કરવા માટે ખેત ઉત્પાદન ખર્ચની વ્યાપક યોજના (સીસીએસ) હેઠળ અર્થશાસ્ત્ર અને આંકડા નિયામકની કચેરી, કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય દ્વારા ફાળવવામાં આવેલા છેલ્લાં ત્રણ વર્ષના ખેતી ખર્ચ અંદાજોના આધારે ખેતી ખર્ચ અંદાજો તૈયાર કરે છ, કે જે સામાન્ય રીતે બે વર્ષના સમયગાળા સાથે ઉપલબ્ધ છે. આ અંદાજીત ખર્ચને આધારે ટેકાના ભાવોની ભલામણો કરવામા આવે છે. છેલ્લાં ત્રણ વર્ષ (૨૦૧૫-૧૬ થી ૨૦૧૭-૧૮ની પાક ઋતુ) માટે પસંદ કરેલી પાકના અંદાજીત ખેતી ખર્ચ (સીઓસી) દરેક પાક માટે ૨૦૧૩-૧૪

થી ૨૦૧૫-૧૬ માટે વાસ્તવિક અંદાજ પર આધારિત છે. ખેતી ખર્ચના અંદાજો પાક ઋતુ ૨૦૧૫-૧૬ થી ૨૦૧૭-૧૮ માટે અલગથી એકંદર સાધન ખર્ચમાં છેલ્લાં ત્રણ વર્ષ એટલે કે ૨૦૧૨-૧૩ થી ૨૦૧૬-૧૭માં વૃદ્ધિ કરે છે. ખેતી ખર્ચમાં સંભવિત ફેરફારોનો અંદાજ પાક વર્ષ ૨૦૧૨ થી ૨૦૧૭ સુધીના ઉપરોક્ત ત્રણ સળંગ વર્ષોના સંદર્ભમાં સાધન-કિંમત સૂચક આંકનું નિર્માણ કરવામાં આવેલ છે.

## લઘુત્તમ ટેકાના ભાવ અને ખેતી ખર્ચ.......

લઘુત્તમ ટેકાના ભાવના અમલીકરણના ચાર દાયકા કરતાં પણ વધુ સમય પછી ૨૫ ટકાથી પણ ઓછા ખેડૂતો તેના વિશે જાણે છે. જો કે સમગ્ર ભારત માટે ટેકાના ભાવની જાહેરાત કરવામાં આવી હોવા છતાં, તેનો લાભ કેટલાંક રાજ્યો પૂરતો જ મર્યાદિત છે કે જ્યાં નિયુક્ત સરકારી એજન્સીઓ દ્વારા ખેડૂતો પાસેથી તેના પાકની

### ભારતના મુખ્ય પાકોની ભારિત સરેરાશ ખેતી ખર્ચ (A2, A2 +FL અને C2) – વર્ષ ૨૦૧૫-૧૬ થી ૨૦૧૭-૧૮ (રૂ./ક્વિન્ટલ)

| પાક | ૨૦૧૫-૧૬ | | | | ૨૦૧૬-૧૭ | | | | ૨૦૧૭-૧૮ | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ખેતી ખર્ચ | | | લઘુત્તમ ટેકાના ભાવ | ખેતી ખર્ચ | | | લઘુત્તમ ટેકાના ભાવ | ખેતી ખર્ચ | | | લઘુત્તમ ટેકાના ભાવ |
| | A2 | A2+ FL | C2 | | A2 | A2 | A2 | | A2 | A2+ FL | C2 | |
| ડાંગર | ૭૮૦ | ૧૦૨૦ | ૧૩૨૪ | ૧૪૧૦ | ૭૯૧ | ૧૦૪૫ | ૧૩૭૮ | ૧૪૭૦ | ૮૪૦ | ૧૧૧૭ | ૧૪૮૪ | ૧૫૫૦ |
| જુવાર | ૧૧૭૦ | ૧૪૬૭ | ૧૯૨૯ | ૧૫૧૦ | ૧૧૭૧ | ૧૫૦૧ | ૧૯૯૨ | ૧૬૨૫ | ૧૨૧૪ | ૧૫૫૬ | ૨૦૮૯ | ૧૭૦૦ |
| બાજરા | ૫૩૫ | ૮૯૩ | ૧૧૫૪ | ૧૨૭૫ | ૫૪૯ | ૯૨૫ | ૧૨૧૮ | ૧૩૩૦ | ૫૭૧ | ૯૪૯ | ૧૨૭૮ | ૧૭૨૫ |
| મકાઇ | ૬૯૬ | ૯૪૧ | ૧૨૨૩ | ૧૩૨૫ | ૭૦૯ | ૯૬૬ | ૧૨૮૬ | ૧૩૬૫ | ૭૬૧ | ૧૦૪૪ | ૧૩૯૬ | ૧૪૨૫ |
| રાગી | ૧૧૯૬ | ૧૬૮૮ | ૨૦૬૯ | ૧૬૫૦ | ૧૨૧૧ | ૧૭૩૩ | ૨૧૫૦ | ૧૭૨૫ | ૧૩૮૪ | ૧૮૬૧ | ૨૩૫૧ | ૧૯૦૦ |
| તુવેર | ૨૪૫૩ | ૩૨૩૭ | ૪૨૭૨ | ૪૬૨૫ | ૨૪૦૫ | ૩૨૪૧ | ૪૩૧૪ | ૫૦૫૦ | ૨૪૬૩ | ૩૩૧૮ | ૪૬૧૨ | ૫૪૫૦ |
| મગ | ૨૭૧૪ | ૩૯૯૩ | ૫૦૨૫ | ૪૮૫૦ | ૨૮૨૧ | ૪૦૬૫ | ૫૧૯૧ | ૫૨૨૫ | ૨૮૦૯ | ૪૨૮૬ | ૫૭૦૦ | ૫૫૭૫ |
| અડદ | ૨૫૨૯ | ૩૪૫૫ | ૪૪૮૩ | ૪૬૨૫ | ૨૬૨૪ | ૩૫૮૪ | ૪૬૬૧ | ૫૦૦૦ | ૨૩૯૩ | ૩૨૬૫ | ૪૫૧૭ | ૫૪૦૦ |
| મગફળી | ૨૫૮૪ | ૩૩૧૪ | ૪૧૯૫ | ૪૦૩૦ | ૨૬૯૫ | ૩૩૭૧ | ૪૩૦૦ | ૪૨૨૦ | ૨૫૪૬ | ૩૧૫૯ | ૪૦૮૯ | ૪૪૫૦ |
| સોયાબીન | ૧૫૨૭ | ૧૭૭૦ | ૨૪૧૮ | ૨૬૦૦ | ૧૫૪૩ | ૧૮૫૨ | ૨૫૪૨ | ૨૭૭૫ | ૧૭૮૭ | ૨૧૨૧ | ૨૯૨૧ | ૩૦૫૦ |
| સૂર્યમુખી | ૨૮૪૬ | ૩૨૮૨ | ૪૧૧૪ | ૩૮૦૦ | ૨૯૧૨ | ૩૪૭૯ | ૪૪૧૮ | ૩૯૫૦ | ૨૯૩૩ | ૩૪૮૧ | ૪૫૨૬ | ૪૧૦૦ |
| તલ | ૨૭૬૫ | ૪૧૩૨ | ૫૧૮૯ | ૪૭૦૦ | ૨૭૦૫ | ૪૧૮૮ | ૫૫૭૦ | ૫૦૦૦ | ૨૬૮૫ | ૪૦૬૭ | ૫૭૦૬ | ૫૩૦૦ |
| નાઇઝરસીડ | ૨૧૧૯ | ૩૧૪૬ | ૪૦૬૮ | ૩૬૫૦ | ૧૬૨૯ | ૩૩૬૬ | ૪૩૨૦ | ૩૮૨૫ | ૧૭૮૮ | ૩૯૧૨ | ૫૧૦૮ | ૪૦૫૦ |
| કપાસ | ૨૨૨૮ | ૨૭૫૩ | ૩૭૬૭ | ૩૮૦૦ | ૨૩૦૫ | ૨૮૮૯ | ૩૯૨૦ | ૩૮૬૦ | ૨૬૨૨ | ૩૨૭૬ | ૪૩૭૬ | ૪૦૨૦ |
| ઘઉં | ૬૩૧ | ૭૮૫ | ૧૧૬૩ | ૧૫૨૫ | ૬૩૧ | ૭૯૭ | ૧૨૦૩ | ૧૬૨૫ | ૬૪૨ | ૮૧૭ | ૧૨૫૬ | ૧૭૩૫ |
| જવ | ૪૮૬ | ૭૭૬ | ૧૦૮૯ | ૧૨૨૫ | ૫૧૧ | ૮૧૬ | ૧૧૧૯ | ૧૩૨૫ | ૫૨૨ | ૮૪૫ | ૧૧૯૦ | ૧૪૧૦ |
| ચણા | ૧૭૨૪ | ૨૧૨૪ | ૩૧૦૨ | ૩૪૨૫ | ૧૭૯૯ | ૨૨૪૧ | ૩૧૮૫ | ૪૦૦૦ | ૧૯૭૭ | ૨૪૬૧ | ૩૫૨૬ | ૪૪૦૦ |
| મસુર | ૧૫૭૩ | ૨૦૧૫ | ૩૦૯૮ | ૩૩૨૫ | ૧૬૭૪ | ૨૧૭૪ | ૩૩૬૦ | ૩૯૫૦ | ૧૮૪૫ | ૨૩૬૬ | ૩૭૨૭ | ૪૨૫૦ |
| રાયડો | ૧૧૩૮ | ૧૭૦૨ | ૨૬૦૫ | ૩૩૫૦ | ૧૨૩૨ | ૧૮૭૧ | ૨૭૭૩ | ૩૭૦૦ | ૧૩૫૪ | ૨૧૨૩ | ૩૦૮૬ | ૪૦૦૦ |
| સેફ્લાવર | ૨૫૭૪ | ૩૦૫૭ | ૩૭૩૪ | ૩૩૦ | ૨૦૭૬ | ૩૦૪૯ | ૩૯૫૨ | ૩૭૦૦ | ૨૨૧૬ | ૩૧૨૫ | ૩૯૭૯ | ૪૧૦૦ |
| શેરડી | ૧૧૩ | ૧૪૦ | ૨૧૦ | ૨૩૦ | ૧૨૧ | ૧૫૨ | ૨૧૧ | ૨૫૫ | MSP હજી જાહેર કરવામાં આવશે | | | |
| શણ | ૧૫૭૮ | ૨૧૨૫ | ૨૬૯૭ | ૩૨૦૦ | ૧૫૫૩ | ૨૧૬૦ | ૨૮૩૬ | ૩૫૦૦ | | | | |

ખરીદી કરવામાં આવે છે. ગુજરાત રાજ્યના મુખ્ય પાકના ખેતી ખર્ચ અને સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા ટેકાના ભાવો વચ્ચેની સરખામણી નીચેના કોષ્ટકમાં દર્શાવેલ છે.

માનનીય નાણાં પ્રધાનશ્રી અરૂણ જેટલીએ વર્ષ ૨૦૧૮-૧૯ના અંદાજપત્રમાં જાહેરાત કરી હતી કે સરકારે ખરીફના તમામ પાક માટે ઓછામાં ઓછા તેમના ખેતી ખર્ચના દોઢ ગણા ટેકાના ભાવો નક્કી કરવાનો નિર્ણય કર્યો છે. એમ.એસ.સ્વામીનાથન સમિતિની વ્યાપક ભલામણ મુજબ ટેકાના ભાવો જાહેર કરવાથી વાસ્તવિક અથવા આંશિક વાસ્તવિકતા જળવાઇ રહે છે.

| લઘુત્તમ ટેકાના ભાવ અને મુખ્ય પાકોનું ખેતી ખર્ચ | | | | | (રૂ./ક્વિન્ટલ) |
|---|---|---|---|---|---|
| પાક | A2 | A2+FL | C2 | લઘુત્તમ ટેકાના ભાવ | % MSP over cost A2+FL |
| તુવેર | ૨૫૯૪.૧૬ | ૩૪૭૬.૮૧ | ૪૫૫૦.૮૬ | ૪૪૨૫ | ૨૭.૨૭ |
| બાજરા | ૬૭૫.૬૯ | ૮૬૫.૦૦ | ૧૧૨૫.૨૨ | ૧૨૭૫ | ૪૭.૪૦ |
| કપાસ | ૨૨૭૪.૨૪ | ૨૮૪૮.૦૨ | ૩૬૫૯.૩૨ | ૩૮૦૦ | ૩૩.૪૩ |
| મગફળી | ૨૧૪૮.૩૩ | ૨૬૪૧.૪૭ | ૩૪૦૯.૫૪ | ૪૦૩૦ | ૫૨.૫૭ |
| મકાઇ | ૧૦૬૨.૩૧ | ૧૬૫૧.૧૦ | ૧૯૩૧.૦૦ | ૧૩૨૫ | –૧૯.૭૫ |
| મગ | ૮૬૭૪.૯૦ | ૧૦૧૯૮.૬૧ | ૧૧૨૬૪.૩૭ | ૪૬૫૦ | –૫૪.૪૧ |
| ડાંગર | ૭૪૫.૨૪ | ૮૫૦.૬૬ | ૧૦૯૫.૮૭ | ૧૪૧૦ | ૬૫.૭૫ |
| તલ | ૩૯૭૦.૩૭૦ | ૫૧૪૩.૨૦ | ૬૯૦૩.૮૫ | ૪૭૦૦ | –૮.૬૨ |
| રાયડો | ૧૦૬૪.૩૬ | ૧૩૭૯.૨૧ | ૨૦૬૮.૭૯ | ૩૩૫૦ | ૧૪૨.૮૯ |
| ઘઉં | ૮૦૦.૮૦ | ૯૭૬.૯૫ | ૧૨૩૯.૦૭ | ૧૫૨૫ | ૫૬.૧૦ |

Book Post

To,

DOI : May 29, 2018

From:
**Agro-Economic Research Centre**
*For the states of Gujarat and Rajasthan*
(Ministry of Agriculture & Farmers Welfare, Govt. of India)
H.M. Patel Institute of Rural Development,
Opp. Nanadalaya Temple, Post Box No. 24,
**Sardar Patel University**
Vallabh Vidyanagar 388120, Anand, Gujarat
Ph.No. +91-2692-230106, 230799, Fax- +91-2692-233106
E-mail : director.aerc@gmail.com
Website: www.aercspu.ac.in

*Acknowledged the information used/taken from the public domain*

Uni. Press